
Time 3 Hrs — Marks - 80

→ સાકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.
→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.
→ આકૃતિઓમાંનું મજકૂર પેનથી જ લખવું.
→ જરૂરી જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા.
→ લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ-૧ ગદ્ય (૨૦ ગુણ) [20]

કૃતિ-૧ (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (08)

અ-૧ આકૃતિબંધ પૂર્ણ કરો (02)




દીપા મલિક માત્ર નામ નથી, જીવંત પ્રેરણા છે. કરોળિયાને પણ માથું નમાવવું પડે એવો અપ્રતિમ પુરુષાર્થ છે. સ્વીમીંગ(તરણ), જેવેલિન(ભાલાફેંક), શોટપુટ(વજનદાર ગોળાફેંક) અને ડિસ્કસ્ઇવેન્ટ(ધાતુની ગોળ ચકતી કે રકાબી ફેંક)માં ૨૩ આંતરરાષ્ટ્રીય મેડલ અને ૬૮ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય મેડલ તેઓ જીત્યાં છે. આ સિદ્ધિનું મહત્ત્વ ખૂબ અદકેરું છે કારણ કે શરીરનો છાતી નીચેનો ભાગ નિષ્ક્રિય હોવા છતાં તેમણે આટલાં બધાં જ્વલંત પરાક્રમ કરી બતાવ્યાં છે. રમતગમત ક્ષેત્રે અપાતું રાષ્ટ્રનું સર્વોચ્ચ સન્માન ખેલરત્ન તથા ૪૨ વર્ષે સૌથી મોટી ઉંમરે અર્જુન ઍવોર્ડ મેળવનારાં દીપાબહેનને નામે અનેકવિધ સિદ્ધિ, રેકોર્ડ અને પ્રશસ્તિપત્રો છે. આ બધાની બરાબરી કોઈ બીજા પણ કદાચ કરે પણ તેમનો પુરુષાર્થ, જુસ્સો, લડાયકવૃત્તિ અને હિમ્મત માટે વિશેષણો વાપરીએ એટલાં ઓછાં પડે.

દીપા મલિક સાથે ખાસ વાતચીત શરૂ કરતાં અગાઉ એમના વિશે પાયાની માહિતી જાણવી પડે. ૧૯૭૦ની ૩૦મી સપ્ટેમ્બરે હરિયાણાના ભૈસવાલ ગામે જન્મ. પિતા બી. કે. નાગપાલ અને પતિ વિક્રમસિંહ બન્ને લશ્કરમાં કર્નલ. હાલ દિલ્હી નજીકના ગુડગાંવમાં પતિ અને બે દીકરીઓ સાથે રહેતાં આ નારીરત્ન સાથે ટેલિફોન પર થયેલી સવિસ્તાર સવાલ-જવાબની આપ-લેના મહત્ત્વના અંશ આ મુજબ છે -

અ-૨ યોગ્ય તે લખો. (02)

૧ દીપા મલિકે પ્રાપ્ત કરેલ આંતરરાષ્ટ્રીય મેડલની સંખ્યા ______
૨ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે જીતેલા મેડલો ની સંખ્યા ______
3 દીપા મલિકના પિતા નું નામ ______
૪ દીપા મલિકના પતિનું નામ ______

(P.T.O)

અ-3 નીચેના શબ્દો માટે ગદ્યાંશમાં વપરાયેલા શબ્દો લખો (02)

૧ તન ( )
૨ વય ( )
૩ કંધ ( )
૪ મહેનત

અ-૪ 'પુરુષાર્થ વગર સિધ્ધિ' નથી એ વિશે તમારો મત જણાવો (02)

(આ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો (08)

આ-૧ ગદ્યાંશને આધારે એક શબ્દમાં લખો. (02)

૧ શહેરના અગ્રગણ્ય ________
૨ જાણીતા ________
૩ સુપ્રસિધ્ધ ________
૪ શોકજનક ________

''આપણા શહેરના અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવીર અને આપબળે આગળ આવેલા શેઠ નંદનંદનના શોકજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા શહેરીઓની એક જાહેરસભા ગુરુવારે સાંજના છ વાગતાં સભાગૃહમાં મળશે.'' (કાગળને વાળતાં) આજની આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ભાઈસાહેબને લેવાની હું વિનંતી કરું છું. શ્રી ભાઈસાહેબની ઓળખ શહેરને આપવાની જરૂર હું જોતો નથી. છેલ્લાં ત્રીસ વર્ષથી શહેરની કોઈ પણ કલ્યાણકારી પ્રવૃત્તિની પ્રેરણા અને સંચાલન શ્રી ભાઈસાહેબે જ કર્યાં છે અને શેઠ નંદનંદન સાથે પણ એમને અત્યંત નિકટનો સંબંધ હતો.

*[પોતાનું સ્થાન લે છે. શ્રોતાગણમાંથી એકાદ તાલી પડી જાય છે.]*

નાગરદાસ : પ્રમુખસ્થાન માટે શ્રી ભાઈસાહેબની જે દરખાસ્ત મૂકવામાં આવી છે, તેને હું ટેકો આપું છું.

*[શ્રી. ભાઈસાહેબ અધ્યક્ષસ્થાન લે છે. ખિસ્સામાંથી કાગળિયાં તથા ચશ્માનું ઘર કાઢે છે. વ્યવસ્થિત રીતે ચશ્માં પહેરી, કાગળ તરફ નજર નાખે છે. પડખે બેઠેલા કાર્યકર્તા સાથે કંઈક મસલત કરી લે છે. ત્યારબાદ પોતાનું વક્તવ્ય શરૂ કરે છે.]*

ભાઈસાહેબ : ભાઈઓ તથા બહેનો, સ્વર્ગસ્થ શેઠ નંદનંદનભાઈ સાથેનો મારો સંબંધ જોતાં આજની સભામાં એમને વિશે કાંઈ બોલવું એ મારે માટે અઘરું કામ છે. દુનિયામાં જન્મેલાં સહુ કોઈ જીવતાં નથી. સહુને મૃત્યુને ભેટવાનું છે જ, પાછળ તો વ્યક્તિએ જીવનની જે સુવાસ મૂકી હોય તે જ જીવે છે અને ખરી રીતે જીવવાનો અધિકાર પણ એને જ છે. શેઠ નંદનંદનભાઈએ પોતાના પુરુષાર્થથી એ અધિકાર મેળવ્યો હતો. એમના પુરુષાર્થનો હું સાક્ષી રહ્યો છું. મારો અને એમનો સંબંધ આજકાલ કરતાં ત્રણ દાયકા થયાં ખૂબ ગાઢો અને નિકટનો રહ્યો છે અને મારી એ દૃઢ માન્યતા છે કે નંદનંદનભાઈના જીવનની સુવાસ એવી છે કે નંદનંદનભાઈની સ્મૃતિ ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને આપણા શહેરમાં તો હરેક શહેરીના હૈયામાં કોતરાયેલી રહેશે. ઘણી નીચી કક્ષાથી એમણે શરૂઆત કરી અને પોતાના જ પુરુષાર્થથી એ પ્રથમ હરોળમાં પહોંચ્યા, એમને એમની સફળતા વિશે ગુમાન ન હતું, પણ પ્રયત્ન...

આ-૨ શું તે લખો. (02)

૧ સભાનું પ્રમુખ સ્થાન લેનાર ______

૨ મૃત્યુ બાદ જુવે છે તે ______

૩ શહેરની કલ્યાણકારી પ્રવૃત્તિની પ્રેરણા અને સંચાલન કરનાર વ્યક્તિ ______

૪ સ્વર્ગસ્થ શેઠનું નામ ______

આ-૩ વિરોધી શબ્દો લખો (02)


૧ ______ × ______

૨ ______ × ______

આ-૪ આજની પ્રાર્થનાસભામાં જોવા મળતો દંભ વિષે તમારા વિચારો લખો. (02)

૬ નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૪)

૬-૧ આકૃતિબંધ પૂર્ણ કરો. (02)




''હજારો વર્ષ પહેલાં આ ચિત્રો તૈયાર થયાં હતાં. પણ આજે ય એનો રંગ હજી ગઈ કાલે જ એ ચિત્રો નિર્માણ થયાં હોયે તેવો ને તાજો લાગે છે. તાઝા-બ-તાઝા, નઓ-બ-નઓ.''

''તમે આ મારો કોટ જોયો ?'' અમે એમને પૂછયું.

''હા.'' એમણે અમારા કોટ ભણી નજર કરીને કહ્યું, ને પૂછયું : ''એમાં શું જોવાનું છે ?''

''જોયો એનો રંગ ?'' અમે પૂછયું.

''જોયો થોડા ભાગે વાદળી ને થોડે ભાગે કાળો ને મોટે ભાગે ઝાંખો લીલો લાગે છે.'' એમણે એમનું રંગજ્ઞાન દર્શાવ્યું.

''બરાબર છે, દોઢ મહિના પર જ એ કોટ તૈયાર થયો છે. ચાર વાર એને ધોવા આપ્યો હતો. મૂળ રંગ એનો ભૂરો-વાદળી-ભૂરો હતો. પણ એટલી વારમાં એનો રંગ કેટલો બદલાઈ ગયો છે એ તમે જોઈ શકો છો.' અમે કહ્યું.

''અરે, હમણાં તો કપડાંના રંગ એવા કાચા આવે છે કે ન પૂછો વાત.'' એમણે કહ્યું.

''ત્યારે પ્રાચીન કાળનાં ચિત્રોના કદીયે ન ફટકી જાય એવા રંગો જોઈને મને આનંદ શી રીતે થાય ? થોડા સમય પર અમે એક બહુ જૂના અને જાણીતા વેપારીને ત્યાંથી મોંઘી કિંમતની બાંધણી ખરીદી હતી. બાંધણીનો રંગ સુંદર હતો. અમે વેપારીને પૂછયું : આ બાંધણીનો રંગ ઊતરી તો નહિ જાય ને ?''

વેપારીએ જવાબ દીધો : ''એ રંગ નહિ ઊતરી જાય તમે કપડાંને ભઠ્ઠીમાં-ધોબીને ત્યાં ધોવરાવશો તો પણ કંઇ નહિ થાય. અને રંગ ઊતરી જાય કે જતો રહે તો કપડાંને બદલે મને ભઠ્ઠીમાં નાખજો.''

(P.T.O)

(૪)

ઈ-૨ લખો. (02)

વિવિધ રંગોના નામ –

( ) ( ) ( ) ( )

## વિભાગ-૨ પદ્ય (કવિતા) [૧૬]


કૃતિ-૨ (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો (06)

અ-૧ શું તે લખો (02)

૧ ઘેર ઘેર ગવાય છે ( )
૨ જોતી જાય તે સ્ત્રીનું નામ ( )
૩ રાજકુમારનું નામ ( )
૪ વાયુ ઢોળતી દાસીઓની સંખ્યા ( )

ઘેર ઘેર હરિગુણ ગાય, ચિત્રલેખા તે જોતી જાય;
વસુદેવનાં ઘર નિહાળી, ત્યાંથી વિધાત્રી આઘેરી ચાલી.
સોળ સહસ્ર કૃષ્ણની નારી, સઘળે દીઠા દેવ મોરારી;
હરિના સાઠ લાખ છે તન, જોયાં તેહતણાં ભુવન;
જોયું ધામ કામ ઝાત્કાર, દીઠો મેડીએ રાજકુમાર.
અનિરુદ્ધ સૂતો છે હિંડોળે, દાસી ચાર તે વાયુ ઢોળે;
શોભે દીપક ચારે પાસ, કોઈ ચરણ તળાંસે દાસ.
તાંહાં બાવનચંદન મેહેકે, હિંડોળે કુમતડાં લેહેકે,
કામકુંવર કામના જેવો, ચિત્રલેખાને ચોરી લેવો.
કુંવર હરવાનું કારણ, સમર્યું નિદ્રાનું ધારણ.
રાતે જે કોઈ જાગતું હૂતું, પછી જે જેમ તેમ તે સૂતું.
ધારણ ભારણ ભરી છે કાયા, વપુમાંહે વસી જોગમાયા.
અનિરુદ્ધ તણી કિંકરી, તે તો સૂતી છે નિદ્રાએ ભરી.
ચિત્રલેખા તે ઘરમાં ગઈ, પણ કુંવરે તે જાણી નહિ.
વિચાર અંતરમાં કીધો, આંકડેથી હિંડોળો લીધો.
બેઉ સાંકળ કરમાં ઝાલી, ખેચરી ગત ચતુરા ચાલી.
ગોઠવણ ગોવિંદે કીધી, જાણી જોઈને જાવા દીધી.
ઘેર ઓખા જુએ છે વાટ, નાવ્યો નાથ ને થાય ઉચાટ.
એવે સાંભળી પાંખ જ વાગી, ઓખા નિદ્રામાંથી જાગી.
'લાવી', ચિત્રલેખા કહેવા લાગી, 'આપ વધામણી મુખમાગી.
આ નાથ તારો હિંડોળે, તમે તરુણી મળોની ટોળે.'


અ-2 આકૃતિબંધ પૂર્ણ કરો (02)




અ-3 મિત્રતા વિશે તમારા વિચારો લખો. (02)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (06)

આ-1 આકૃતિબંધ પૂર્ણ કરો. (02)




ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં;
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી,
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એકે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પેઠે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે-
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.

આ-2 નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો. (02)

1 ઈચ્છા ______
2 ઘડો ______
3 પવિત્ર ______
4 કોમળ ______

(P.T.O)

(6)

આ-3 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'- વિશે તમારો મત વ્યક્ત કરો. (02)

---

(ઈ) નીચેનામાંથી કોઈપણ એકનો જવાબ લખો. (04)

1 'પહેલો વરસાદ' કાવ્યનો રસાસ્વાદ કરાવો.

2 આપેલા હાઈકુમાંથી વ્યક્ત થતો ભાવ સમજાવો

જન્મ્યું બાળક
ચીખી માને મલકી
ફરીથી ચોદ્યું.

---

## વિભાગ-3 સાહિત્યપ્રકાર [12]

કૃતિ-3 (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (06)

અ-1 નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો. (02)

1 આંખો મીંચીને જીવ ફેંકી દીધો છે.

2 પતિ વિશેની વાત નીકળતાં જ નારાજ થઈ જતી

3 પતિ પોતાને રઝળતી મૂકીને ચાલ્યો ગયો છે.

4 ગામ આખું એના નામની ઇજ્જત કરતું હતું.

જમનાનો પતિ આઝાદીની લડતમાં સામી છાતીએ બંદૂકની ગોળી ખાઈને શહીદ થયો હતો. ગામ આખું એના નામની ઇજ્જત કરતું હતું. ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાક દિવસે ધ્વજવંદન પછીનાં પ્રવચનોમાં એનું ખૂબ અદબપૂર્વક સ્મરણ થતું.

પણ જમના, પતિ વિશેની વાત નીકળતાં જ નારાજ થઈ જતી. પતિની વાત ચાલતી હોય ત્યાંથી ઊઠીને ચાલવા માંડતી. ક્યારેક તો અધીરી બનીને પતિ વિશે વાત કરનારને ચૂપ થઈ જવા કહેતી.

જમનાના આ વલણને ગામલોકો પાગલપણું કે જડતામાં ખપાવતા અને એના ઉપર તરસ ખાતા. પણ જમના એના મનમાં એકદમ સ્પષ્ટ હતી - લગ્ન પછી પૂરાં બે વર્ષ પણ થયાં નહોતાં અને પતિએ પોતાનો કે બાળક જુગલનો કશો જ વિચાર કર્યા વગર, આંખો મીંચીને જીવ ફેંકી દીધો છે. નિભાવ માટે જમીન-જાગીર કે રોકડ ભંડોળ કશું નહોતું. રહેવા માટે ફક્ત એક ખોરડું-નળિયાંવાળું ઘર... પતિ પોતાને રઝળતી મૂકીને ચાલ્યો ગયો છે.

પ્ર-૨ આકૃતિ પૂર્ણ કરો. (02)

૧ ગોળી ખાઈ શહીદ થનાર

૨ પતિની વાત ચાલવી હોય ત્યાંથી ઉઠીને ચાલવા માંડનાર ______

૩ જમનાના પુત્રનું નામ ______

૪ જમના ના વલણ પર તરસ ખાનાર ______

પ્ર-૩ 'જમનાના નારી હૃદયની વ્યથા માટે સમાજ કારણભૂત છે' (02)
- તમારો મત લખો.

---

(આ) નીચેના સવાલોના જવાબ ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં લખો (કોઈપણએક) (04)

(૧) 'સરપ્રાઈઝ' શીર્ષકની યથાર્થતા વર્ણવો.

(૨) 'સાચું બેલેન્સ તો લાગણીઓનું' - તમારો મત જણાવો.

---

(ઈ) નીચેના સવાલોના જવાબ ૫૦ થી ૬૦ શબ્દોમાં લખો. (કોઈપણએક) (02)

(૧) ટૂંકી વાર્તાના ઉદ્ભવ વિશે જણાવો.

(૨) ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે વિવિધ મહાનુભાવોના મત જણાવો.

---

## વિભાગ - ૪ વ્યાકરણ [ ૧૪ ]

કૃતિ-૪ સૂચના પ્રમાણે કરો. (કોઈપણ સાત)

(૧) સંધિ છોડો. (02)

૧ સંસાર - ______ + સાર

૨ ગંગોદક - ગંગા + ______

૩ પરીક્ષા - પરિ+ ______

૪ પ્રત્યક્ષ - ______ + અક્ષ

(૨) યોગ્ય વિકલ્પ શોધીને વિશેષણ-વિશેષ્ય લખો. (02)

અ ______ દવા

(૧) દેશી (૨) વિદેશી (૩) અકસીર

બ ______ ઘૂંટડો

(૧) કડવો (૨) ખરાબ (૩) ખાટો

(P.T.O)

(8)

ક. ________ કેતલ
(૧) લીલા (૨) મોટા (૩) ખડાબીડ

ડ ________ વડલો
(૧) ઘેઘૂર (૨) લાંબો (૩) નીચો.

(૩) ઉપમા સંબંધિત યોગ્ય જોડી જોડો. (02)

| અ. | બ |
|---|---|
| ગરીબ | મરચાં |
| તીખું | ગાય |
| કજળું | બોરું |
| હરિયા | કળી |
| | તીક્ષ્ણ |

(૪) અર્થભેદ લખો. (02)
અ નિર્ધન ______ નિધન ______
બ પાણિ ______ પાણી ______

(૫) કાળ પરિવર્તન કરો. (02)
અ તેઓ અહીં ત્રણચાર કલાક ગાળે છે. (ભવિષ્યકાળ)
બ બધાં ભાઈ-બી-ગાઈ-બજાવી આનંદ કરતાં હતાં. (વર્તમાનકાળ)

(૬) નીચેની કહેવતની વિરોધી કહેવત લખો. (02)
અ માગ્યા કરતાં મરવું ભલું.
બ વિશ્વાસે વહાણ ચાલે

(૭) અર્થ બદલ્યા વિના વાક્ય રૂપાંતર કરો. (02)
અ લીની માટીમાંથી સુગંધ આવે છે.
બ પૂનમની રાતે પૂર્ણ ચંદ્રમા હોય છે.

(૮) અલંકાર ઓળખો. (02)
અ ગાંધીજી તે ગાંધીજી
બ એ તો મહાદેવથી એ મોટા છે

(૯) રસ ઓળખો. (02)

અ. ઊભો રે' જે ... [illegible] તાડ પડી છે ઊભો રે' જે,
ગીરના કુત્તા તું ઊભો રે' જે ...

બ. કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો,
મમતા રુએ આજ હૈયુંમાં વીરડો ફૂટી ગયો ...

## વિભાગ-૫ લેખન કૌશલ્ય (૧૮ ગુણ)

કૃતિ-5 (અ) નીચેનામાંથી કોઈપણ બે કૃતિ કરો. (10)

(૧) નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી તૈયાર કરો. (5)

'મુંબઈ સમાચાર'

તા. ૧।૧।૨૦૨૦

**જોઈએ છે.**

**ધો. ૮થી ૧૦ માટે ગુજરાતી ભાષા વિષય શિક્ષક**

**યોગ્યતા** - બી.એ., બી.એડ.

**અનુભવ** - શિક્ષણક્ષેત્રે લઘુતમ ચાર વર્ષનો અનુભવ જરૂરી.

**સંપર્ક** - આદર્શ વિદ્યાલય, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૬૨.

(2) આપેલ ગદ્યાંશ વાંચી તેનું માહિતીમાં રૂપાંતર કરો. (5)

પહાડી ચિત્રકળા એ રાજપૂત ચિત્રકળાનો એક ભાગ છે. હિમાલયના પહાડી વિસ્તારો કાંગરા, જમ્મુ, ગઢવાલ, ચંબા, બસોલી, જેવા પ્રદેશોમાં જે ચિત્રકળા વિસ્તાર પામી તેને પહાડી ચિત્રકળા કહેવાય છે. મોગલ સામ્રાજ્યમાં અકબરના શાસન દરમિયાન કલા તથા કલાકારોને ખૂબ જ માન-સન્માન અને આદર મળતા. કલાના વિકાસ માટે ઘણાં કલાકેન્દ્રો શરૂ કર્યાં હતાં, પરંતુ ઔરંગઝેબે તે બધી જ શાળાઓ બંધ કરી કલાકારોને તડીપાર કર્યા ત્યારે કલાકારોએ જુદા જુદા સ્થળે આશ્રય મેળવ્યો. પ્રાકૃતિક સૌંદર્ય અને શાંતિથી આકર્ષાઈ ઘણા કલાકારોએ પહાડી ક્ષેત્રના રાજાઓને ત્યાં આશ્રય મેળવ્યો અને ત્યાંના રાજાઓ દ્વારા તેમની ચિત્રકળાને પ્રોત્સાહન આપી વિસ્તૃત કરાઈ જે પહાડી ચિત્રકળા તરીકે ખ્યાતિ પામી.

પહાડી ચિત્રો બનાવવા સિયાલકોટ પેપર (બ્રાઉન પેપર) પર લાલ રંગ કરવામાં આવે છે પછી તેના પર સફેદ આવરણ કરી તેની સપાટીને ઘસી લીસી બનાવાય છે અને તેના પર કાળા અથવા કથ્થઈ રંગથી ચિત્રો દોરવામાં આવે છે. મુખ્ય આકૃતિને જાડી તથા સ્પષ્ટ રૂપરેખા આપવામાં આવે છે. ત્યાર પછી રંગકામ કરવામાં આવે છે. પ્રાથમિક ચિત્ર, રંગકામ અને અંતિમ ઓપ જુદા જુદા કલાકારો દ્વારા કરવામાં આવે છે. પહાડી ચિત્રકળામાં સ્થાનિક અને મોગલ ચિત્રકળાનું મિશ્રણ જોવા મળે છે. તે સમયના વૈષ્ણવ સંપ્રદાયની તેના પર ઘણી અસર દેખાય છે. મીરાંબાઈ, તુલસીદાસ, કબીર, જયદેવ, ચૈતન્ય, જેવા કવિઓની કવિતાના વિષયો પર તેનાં અદ્‌ભુત ચિત્રો જોવા મળે છે. જુદા જુદા રાજાઓના આશ્રય નીચે પહાડી ચિત્રકળા જુદી જુદી રીતે પ્રસ્તુત થઈ, પરંતુ તેનાં મુખ્ય લક્ષણો એક સરખાં જ હોય છે. પહાડી ચિત્રકળા મુખ્ય બે ભાગમાં વર્ગીકૃત થાય છે. કાંગરા શૈલી અને બસોલી શૈલી.

(P.T.O)

(10)

(3) પ્રસિધ્ધ સમાજસેવકની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો. (5)

(આ) નીચેનામાંથી કોઈ પણ એક કૃતિ કરો. (4)

૧ તમારી કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે પ્રાસંગિક વક્તવ્ય તૈયાર કરો

૨ નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય/વાર્તા/સંવાદ/પરિચ્છેદ લખો.



—x—